# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**પદવી વિભાગ (પરીક્ષા – ૫), યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫**

**ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૬૫૧૧ એક્સટે. નં. ૭૬૧,૭૭૧.**

ઈ-મેઈલ : exam05@sauuni.ac.in


---

પરીપત્ર :-

આથી યુનિવર્સિટી કાર્યાલયના દરેક વિભાગના વડાઓ,અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ, કોમ્પ્યુટર સેન્ટરના વડા, ગ્રંથાલયના વડા તથા આરોગ્ય કેન્દ્રના વડા, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે, સને ૨૦૦૪ પહેલાના તથા એકસ્ટર્નલ અભ્યાસક્રમોની ડીગ્રી/ડીપ્લોમાં (ફાઈનલ) પરીક્ષામાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને આગામી યોજાનાર પદવીદાનમાં પદવીઓ/ડિપ્લોમાં એનાયત કરવાના થાય છે. તેથી જે વિદ્યાર્થીઓ પદવી મેળવવા ઈચ્છા ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓએ તા.૧૫-૦૫-૨૦૨૬ થી તા.૧૫-૦૭-૨૦૨૬ સુધી નિયત ફી રૂ.૨૧૦/- **અને** તા.૧૬-૦૭-૨૦૨૬ થી તા.૩૧-૦૭-૨૦૨૬ સુધી (ફી રૂ.૨૧૦/- + દંડાત્મક ફી રૂ.૨૫૦/- = કુલ રૂ.૪૬૦/) સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની નીચે દર્શાવેલ વેબસાઈટ પરથી ઓનલાઈન આવેદનપત્ર ભરવાના રહેશે.

1. **http://degree.saurashtrauniversity.edu**

જે વિદ્યાર્થીઓ આવેદનપત્ર ભરશે તેમણે સુચનાઓ પ્રમાણે Online Payment Gateway દ્વારા Credit/Debit Card અથવા Net Banking થી ફી ભરવાની રહેશે.

૧. સને ૨૦૦૪ અને તે પછીના જે વિદ્યાર્થીઓના પરિણામ કોઈ કારણોસર મોડા જાહેર થયેલ તેવા વિદ્યાર્થીઓ પદવી/ડિપ્લોમાં મેળવવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત સમય ગાળા દરમ્યાન યુનિ. ખાતે પરીક્ષા વિભાગમાં રૂબરૂ ફોર્મ ભર્યા બાદ પરીક્ષા પદવી વિભાગમાં રૂબરૂ ચકાસણી કર્યા બાદ જો ફી જમા કરાવેલ ન હોય તો તેવા વિદ્યાર્થીઓએ કેશ વિભાગમાં (બીજા અને ચોથા શનિવાર તથા જાહેર રજા સિવાય ફી ભરવાનો સમય ૧૧ થી ૨ સુધી) પદવી ફી જમા કરાવવાની રહેશે.

૨:૧ જે કોઈ વિદ્યાર્થીઓને અસલ પદવી પ્રમાણપત્રમાં સુધારો કરવાનો થતો હોય ત્યારે તેવા વિદ્યાર્થીને મળેલ પદવી પ્રમાણપત્રમાં જણાવ્યા અન્વયે પદવીદાન સમાંરભની તારીખ થી છ મહીના સુધીનો સમયગાળો પૂર્ણ થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ સુધારો કરાવેલ માર્કશીટની ઝેરોક્ષ અને અસલ પદવી પ્રમાણપત્ર સામેલ રાખી પરીક્ષા પદવી વિભાગમાં જમા કરાવવાનું રહેશે અને તેવા વિદ્યાર્થીઓએ પદવી ફી તથા ઓનલાઈન આવેદનપત્ર ભરવાનું રહશે નહી.

૨:૨ જે કોઈ વિદ્યાર્થીઓને અગાઉ મેળવેલ પદવી પ્રમાણપત્રમાં જણાવ્યા અન્વયેની પદવીદાન સમાંરભની તારીખથી છ મહીના સુધીનો સમયગાળો પૂર્ણ થયેલ હોય અને પદવી પ્રમાણપત્રમાં ભુલ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પણ આવેદનપત્ર ઉપરોક્ત સમય ગાળા પ્રમાણે રૂબરૂમાં ભરી તેની સાથે સુધારો કરાવેલ માર્કશીટની ઝેરોક્ષ કોપી અને અસલ પદવી પ્રમાણપત્ર બિડાણ સાથે પરીક્ષા પદવી વિભાગમાં રૂબરૂ ચકાસણી કર્યા બાદ પદવી આવેદનપત્ર માન્ય રહેશે તો તેવા વિદ્યાથીઓએ કેશ વિભાગમાં (બીજા અને ચોથા શનિવાર તથા જાહેર રજા સિવાય ફી ભરવાનો સમય ૧૧ થી ૨ સુધી) પદવી ફી જમા કરાવવાની રહેશે.

૩. ડિગ્રી કક્ષાઓની એક્સ્ટર્નલ પરીક્ષાઓના ઉર્તીણ થયેલ વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મ ભરવાની સાથે પદવીફોર્મ આવેદનપત્ર અને નિયત થયેલી ફી રૂ.૨૧૦/- ઓનલાઈન ભરી હોય તો આવા વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવાના રહેશે નહી પંરતુ વિદ્યાર્થી પાસે આધાર હોવો ફરજીયાત છે.

૪. ઓનલાઈન ફોર્મ ભરવાની માર્ગદર્શિકા અને નિયમો વેબસાઈટ પરથી મળી શકશે.

પરિક્ષા નિયામક

નં.પરીક્ષા/૫/કોન્વોકેશન/૨૬૦૪૨૭૮ /૨૦૨૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.યુનિવર્સિટી કેમ્પસ.
યુનિવર્સિટી રોડ.રાજકોટ - ૩૬૦ ૦૦૫.
તા.૧૪/૦૫/૨૦૨૬

પ્રતિ.

૧. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ,
૨. માનનીય કુલપતિશ્રી/ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ
૩. વિભાગીય અધિકારીશ્રી,પરીક્ષા - ૧-૨-૩ અને ૪ વિભાગ, તથા કોમ્પ્યુટર (પરીક્ષા) વિભાગ, એક્સટર્નલ વિભાગ